## જોડિયા બાળકો સમેત ત્રણ બાળકોના કિસ્સામાં રજા પ્રવાસ રાહત :

ગુજરાત સરકાર, નાણાં વિભાગ, ઠરાવ નં : મસ–૧૦૯૫–૯૬૫–જ,
સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, તા.૧૮–૯–૯૫

**ઠરાવ :** તા.૧–૫–૧૯૮૬ ના રોજ કે ત્યારબાદ સેવામાં દાખલ થનાર સરકારી કર્મચારીઓ ને જો બેથી વધુ જીવીત બાળકો હોય તો તેમને આમુખમાં દર્શાવેલ તા.૨૭–૭–૮૯ ના રોજ કે ત્યારબાદ સેવામાં દાખલ થનાર સરકારી કર્મચારીઓને જો બે થી વધુ જીવિત બાળકો હોય તો તેમને આમુખમાં દર્શાવેલ તા.૨૭–૭–૮૯ ના ઠરાવની જોગવાઈ મુજબ રજા પ્રવાસ રાહતના લાભ મળવાપાત્ર નથી.

જોડિયા બાળકોને કારણે જ કર્મચારીઓના જીવિત બાળકોની સંખ્યા બેથી વધી જતી હોય તેવા કિસ્સામાં કર્મચારીને રજા પ્રવાસ રાહતનો લાભ આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વક વિચારણાને અંતે સરકાર ઠરાવે છે કે તા.૧–૪–૮૯ કે ત્યારબાદ જોડિયા બાળકોના જન્મના કારણે જીવિત બાળકોની જોગવાઈમાં છૂટછાટ મૂકીને રજા પ્રવાસ રાહતનો લાભ (રજા પ્રવાસના રોકડમાં રૂપાંતર સાથે) મંજૂર કરી શકાશે.

રજા પ્રવાસ રાહત અંગેના આ પ્રકારના બાકી કેસો આ હુકમો મુજબ નિયમિત કરવાના રહેશે. ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.